# નીમ કરોલી બાબા: ચમત્કારોની પાર ભક્તિ, પ્રેમ અને રહસ્યની દુનિયાના સંત

તમારામાંથી જે લોકો 70ના દાયકામાં જન્મ્યા હશે, તેમને 1972ની ફિલ્મ 'જય સંતોષી માં' યાદ હશે. એકદમ ઓછા બજેટ અને નવાસવા કલાકારો સાથે બનેલી આ ફિલ્મ તે દાયકાની સૌથી સફળતમ ફિલ્મ હતી અને લોકોએ તેની હિરોઈન અનિતા ગુહાની ભક્તિ શરૂ કરી દીધી હતી. કંઈક એવું જ આજકાલ 'હનુમાન અંશ' નામની ફિલ્મ સાથે થઈ રહ્યું છે. બે કરોડના મામૂલી બજેટ સાથે બનેલી આ ફિલ્મ, આ લખાય છે ત્યારે, 90 કરોડની કમાણી કરી ચૂકી છે.

'હનુમાન અંશ' પણ કોઈ મોટા કલાકારો, બજેટ કે વીએફએક્સના જાદૂ પર નથી ચાલી રહી. તે એક એવી વ્યક્તિની કહાની લઈને આવી છે, જેનું નામ કદાચ ભારતના દરેક ઘરોમાં તો પરિચિત નથી, પરંતુ તેમની આધ્યાત્મિક છાપ દુનિયાના ઘણા હિસ્સાઓ સુધી પહોંચી છે.



ભક્તો જેને મહારાજજી કહે છે, તે નીમ કરોલી બાબા વીસમી સદીના એ રહસ્યમય સંતોમાંથી એક છે, જેમના વિશે જેટલું કહીએ તેટલી નવી વાતો સામે આવતી જાય છે. તેમનું મૂળ નામ લક્ષ્મણ નારાયણ શર્મા. યુપીમાં ફિરોઝાબાદ જિલ્લાના અકબરપુરમાં 1900માં જન્મ. 11 વર્ષની વયે ઘર છોડી દીધું. કહે છે કે ગુજરાત આવી ગયા હતા. 15 વર્ષ પછી ખબર પડી કે લક્ષ્મણ ફરુખાબાદના નીબ કરોરી ગામ (જે પાછળથી 'નીમ કરોલી' થઈ ગયું)માં સાધુ બનીને રહે છે.

કહે છે કે ગોરા અંગ્રેજોએ આ ગામમાં લક્ષ્મણને ટ્રેનમાંથી ધક્કો માર્યો હતો. લક્ષ્મણ ત્યાં જ જમીન પર પડી રહ્યો, અને ટ્રેન પણ ત્યાંથી આગળ ખસી ન શકી. અંતે કોઈકે કહ્યું કે લક્ષ્મણને પાછો બેસાડો તો જ ટ્રેન ઉપાડશે. લક્ષ્મણે શરત મૂકી; અહીં સ્ટેશન બનાવો. અને એ રીતે ત્યાં 'નીમ કરોલી' સ્ટેશન બન્યું, અને લક્ષ્મણ નીમ કરોલી બાબા.

રસપ્રદ વાત એ છે કે નીમ કરોલી બાબા અમેરિકનો અને યુરોપિયનોમાં વધુ જાણીતા થયા હતા. 60 અને 70ના દાયકામાં અનેક વિદેશીઓ શાંતિ અને આધ્યાત્મની તલાશમાં ભારત આવતા હતા. એમાંથી એક હતો રિચાર્ડ અલ્પર્ટ. તે સાઈકોલોજી ભણ્યો હતો અને આધ્યાત્મિક અનુભવો કરવા માટે એલએસડીના નશાના રવાડે ચઢી ગયો હતો.

**ફાયરવોલ**
**રાજ ગોસ્વામી**

તે ભારત આવ્યો હતો અને ઉત્તરાખંડના કૈંચી ધામમાં 'હનુમાન ભક્ત' નીમ કરોલી બાબાને મળ્યો. તેણે બાબાને એલએસડીની વાત કરી. બાબાએ કહ્યું, મને આપ. બાબા પર ગોળીની કોઈ અસર ન થઈ. તેમણે કહ્યું કે આવો અનુભવ તો મેડિટેશનથી પણ થાય. રિચાર્ડ બાબાનો શિષ્ય બની ગયો અને બાબાએ તેને નવું નામ આપ્યું: રામ દાસ. આ રામ દાસ બાબાના નામ અને કામને અમેરિકા લઈ ગયો. તેણે ત્યાં બાબાના નામે આશ્રમ ખોલ્યો અને 'બી હીયર નાવ' નામનું એક પુસ્તક પણ લખ્યું.

પછી તો વિદેશમાં નીમ કરોલી બાબાનું નામ એટલું લોકપ્રિય થયું કે એક સમયે એપલ કંપનીના સહ-સ્થાપક સ્ટીવ જોબ્સ અને ફેસબુકના સંસ્થાપક માર્ક ઝુકરબર્ગ તેમને મળવા માટે અહીં આવ્યા હતા.

પરંતુ નીમ કરોલી બાબાને કેવળ 'ચમત્કારી બાબા'ના રૂપમાં યાદ કરવા કદાચ તેમની સાથે મોટો અન્યાય છે. તેમનું અસલી આકર્ષણ ચમત્કારોમાં નહીં. તેમની 'અસાધારણ સાદગી'માં છે. તેમણે આધ્યાત્મનો અર્થ પણ એ જ કર્યો હતો. તેમની વાતોમાં ન તો અઘરું ચિંતન હતું કે ન તો ભારે આધ્યાત્મિક ભાષા. તેમની દુનિયામાં ચાર શબ્દો વારંવાર આવતા રહેતા હતા- પ્રેમ, સેવા, ભક્તિ અને સ્મરણ.

કોઈ ભૂખ્યાને ખવડાવવું તે આધ્યાત્મ છે. કોઈ દુખિયારાની પાસે બેસવું તે આધ્યાત્મ છે. કોઈને મદદ કરવી તે આધ્યાત્મ છે. અને તેનાથી વધુ, પોતાની અંદરના અહંકારને થોડો પાછળ છોડી દેવો તે પણ આધ્યાત્મ છે.

આ સંદર્ભમાં જ નીમ કરોલી બાબા દિલચસ્પ વ્યક્તિત્વ બની જાય છે. આજે લોકો આધ્યાત્મને અંગત ઉપલબ્ધિ માને છે, અને પૂછે છે- મને શું મળશે? હું શાંત થઈશ? મારું જીવન બહેતર થશે? હું વધુ સફળ થઈશ? બાબાનો રસ્તો આ સવાલને ઉલટાવી દેતો હતો. તેમના મતે, સવાલ એ ન હોવો જોઈએ કે 'મને શું મળશે?' પણ એ કે 'હું કોઈના માટે શું કરી શકું છું?'

નાનો લાગતો આ ફરક મોટો છે. તેમની ભક્તિનું કેન્દ્ર હનુમાન કેવળ શક્તિના અર્થમાં નહોતા. હનુમાનની વિશેષતા શક્તિથી વધુ સમર્પણ હતું. તેમની પાસે અસાધારણ સામર્થ્ય હતું, પણ એ સામર્થ્ય તેમના અહંકારનું કારણ નહોતું બન્યું. તેઓ શક્તિનો ઉપયોગ પોતાના માટે નહીં, રામ માટે કરતા હતા.

બાબાની આધ્યાત્મિકતાની ચાવી પણ આ જ છે- શક્તિ હોવી જોઈએ, પણ તેમાં અધિકારની ભાવના ન હોવી જોઈએ; પ્રેમ હોય, પણ તેમાં સોદાબાજી ન હોવી જોઈએ; સેવા હોય, પણ તેના બદલામાં સન્માનની અપેક્ષા ન હોવી જોઈએ.

એ અર્થમાં તેઓ કેવળ એક ધાર્મિક સંત ન રહેતાં, મનુષ્યના મનને સમજણારા એક અસાધારણ આધ્યાત્મિક વ્યક્તિત્વ તરીકે નજર આવે છે.

**આજે લોકો આધ્યત્મને અંગત ઉપલબ્ધિ માને છે, અને પૂછે છે- મને શું મળશે? હું શાંત થઈશ? મારું જીવન બહેતર થશે? હું વધુ સફળ થઈશ? બાબાનો રસ્તો આ સવાલને ઉલટાવી દેતો હતો, તેમના મતે, સવાલ એ ન હોવો જોઈએ કે 'મને શું મળશે?' પણ એ કે 'હું કોઈના માટે શું કરી શકું છું?'**

નીમ કરોલી બાબા સાથે જોડાયેલા ચમત્કારોને અમુક લોકો શ્રદ્ધાથી સ્વીકાર કરે છે, અમુક લોકો દંતકથા તરીકે જુએ છે, તો અમુક લોકો તેને મનોવૈજ્ઞાનિક અનુભવ તરીકે માને છે.

મહત્વનું એ નથી કે તેમને લઈને જે વાયકાઓ છે તે સાચી છે કે ખોટી; મહત્વનું એ છે કે તેમના સંપર્કમાં આવતા લોકો ખુદની અંદર બદલાવની વાતો કેમ કરે છે? કોઈ મનુષ્યનો બીજા મનુષ્ય પર આટલો ગહેરો પ્રભાવ પણ સ્વયં રહસ્ય છે. કદાચ મનુષ્યના અનુભવોનો કોઈક હિસ્સો એવો પણ હોય છે જેને આપણું મગજ પૂરી રીતે સમજી શકતું નથી.

નીમ કરોલી બાબા એ રહસ્ય છતાં જટિલ નહોતા. તેઓ કોઈ અઘરા કોયડા જેવા નથી. આપણને તેઓ એ જગ્યાએ લઈ આવે છે, જ્યાંથી આપણે આ લેખની શરૂઆત કરી હતી; બીજા મનુષ્ય પ્રત્યે આપણો વ્યવહાર.

તેમનું જીવન કહે છે કે જીવનને દર વખતે જીતવું જરૂરી નથી; ક્યારેક તેને પ્રેમથી જીવવું જરૂરી હોય છે. નીમ કરોલી બાબાની કહાની અંતતઃ ચમત્કારોની કહાની હોય કે ન હોય, તે મનુષ્યની એ આદિમ ખોજની કહાની જરૂર છે- શું જીવનમાં કોઈ એવી ચીજ છે જે સફળતા, પૈસા, પ્રસિદ્ધિ અને પદથી મોટી હોય?

બાબાનો ઉત્તર બહુ નાનકડો હતો- 'પ્રેમ કરો, સેવા કરો, સ્મરણ કરો.' આ નાની વાત જ આજે મોટી લાગે છે.

# ચાલો, GDP ગણીએ

**બોલ્યું-ચાલ્યું માફ**
**ઉર્વિશ કોઠારી**

લેખના આરંભે જ સ્પષ્ટતા: આ લેખ અર્થશાસ્ત્ર વિશેનો નથી. તે હાસ્યલેખ છે. ખરેખર તો સરકારે જીડીપીનો આંકડો બહાર પાડ્યો ત્યારે પણ આવી સ્પષ્ટતા કરવા જેવી હતી. એવું થયું હોત તો સરકાર ઘણી ટીકામાંથી ઊગરી જાત. વડાપ્રધાન કહે કે જીડીપી 7.8 % છે ને અર્થશાસ્ત્રના જાણકાર કહે કે તે 2.6 % છે, તો શરમજનક સ્થિતિ ઊભી ન થાય? એ તો સારું છે કે વડા પ્રધાનને-સરકારને શરમ નથી આવતી. જીડીપી એટલે શું–એવું કોઈ જાણવા માગે, તો તેમને જણાવવાનું કે કોઈ પણ પ્રકારના સવાલ પૂછવાનું કામ સરકારવિરોધી લોકોનું છે. સરકારપ્રેમી એટલે કે દેશપ્રેમી એટલે કે ધર્મપ્રેમી જનતા સવાલ પૂછતી નથી. એ ઉપરથી પ્રસારિત થતી વાણીને આકાશવાણી ગણીને, તેને બે હાથ જોડીને પૂરા આદર સાથે માથે ચડાવે છે.

ફક્ત વાણીને માથે ચડાવતી હોત તો કદાચેય ચાલત, એ તો વાણી બોલનારને પણ માથે ચડાવે છે, એટલે એ આપણા બધાના માથે ચડી વાગે છે... અને પછી, એક સવારે દેશનું અર્થતંત્ર ભલે ડામાડોળ હોય, પણ દેશનો જીડીપી એવો વધી જાય છે કે વડા પ્રધાન જાતે ટીકાકારોનાં મોં કાળાં કરવાના હરખથી જાહેર કરે છે કે વિરોધો ગમે તે કહે, પણ જીડીપીમાં જબ્બર વધારો થયો છે.

ઘણા લોકોને જીડીપી સાથે કશી લેવાદેવા હોતી નથી. પણ તે જ્યારે ઉપરથી કહેવાતું સાંભળે છે કે સરકારના ટીકાકારોના દુષ્ટ ઈરાદા ભોંયભેગા થયા છે અને આપણો જીડીપી જોરદાર દરે વધ્યો છે, ત્યારે તેને પણ થાય છે કે વડા પ્રધાન જેવા વડાપ્રધાન કહે છે એટલે રાજી થવા જેવું-ગૌરવ લેવા જેવું કંઈક તો હશે. શ્રદ્ધાના વિષયમાં સમજણ, તર્ક ને પુરાવાનું શું કામ? આપણા વડા પ્રધાન ઝિંદાબાદ. આપણી અર્થવ્યવસ્થા ઝિંદાબાદ. ભારત માતા કી જય.

આનાથી વિપરીત કોઈ પણ વિચાર કરવો એ નાસ્તિકતાની અને દેશદ્રોહની નિશાની ગણાય. તેના માટે વડા પ્રધાને મજબૂરીના માર્યા દર વર્ષે લાલ કિલ્લા પરથી નવા નવા શબ્દો ગબડાવવા પડે, તે આપણને નાગરિકોને શોભે?

જેમને જીડીપી સાથે કશી લેવાદેવા નથી હોતી અને જેમની જીડીપી માપવાની રીતો પેટ્રોલ, ખાંડ કે ડુંગળીના ભાવ જેવી સંકુચિત બાબતો પર આધારિત હોય છે, તે જીડીપી-વધારાનાં ઢોલનગારાં સાંભળીને આશ્ચર્ય પામે છે. તેમને થાય છે કે તેમની જાણબહાર તે આટલા સમૃદ્ધ ક્યારથી થઈ ગયા? કેટલાક દેશભક્તો એવી મુંઝવણ પણ અનુભવે છે કે ખાંડ પોસાતી નથી, પણ જીડીપી વધ્યો છે, તો તેની ઉજવણી પણ શી રીતે કરવી? કંઈક ગળ્યું બનાવવા માટે ઘી-ખાંડનું પોસાણ નથી.

પણ બધા સરખા નથી હોતા. વડા પ્રધાને છૂટા મુકેલા જીડીપી-વધારાના ઘોડાને કેટલાક જાણકારો અંતરિયાળ આંતરીને તેને નક્કર હકીકતોના ખૂંટે બાંધી દે છે. પરિણામે, અશ્વમેધ યજ્ઞનો ઘોડો બનાવવાના બુલંદ ઈરાદા સાથે છૂટું મુકાયેલું એ પ્રાણી બકરી સમું ગરીબડું ભાસવા માંડે છે. અકાટ્ય હકીકતોના ખૂંટે બરાબર બંધાઈ ગયા પછી તેના મોઢેથી હણહણાટી નહીં, 'બેં બેં' અને 'મેં મેં' નીકળવા લાગે છે.




**આનાથી વિપરીત કોઈ પણ વિચાર કરવો એ નાસ્તિકતાની અને દેશદ્રોહની નિશાની ગણાય, તેના માટે વડા પ્રધાને મજબૂરીના માર્યા દર વર્ષે લાલ કિલ્લા પરથી નવા નવા શબ્દો ગબડાવવા પડે, તે આપણને નાગરિકોને શોભે?**

સરકારી ઘાસ ખાતાં ને સરકાર સમક્ષ ચોપગાં તરીકે વર્તતાં સમાચાર-ચેનલોનાં એન્કરો એ બકરીને હકીકતના ખૂંટેથી છોડાવવા કે હકીકતનો ખૂંટો જ નેસ્તનાબૂદ કરી નાખવા બહુ ધમપછાડા કરે છે. તેમનું ચાલે તો તે બકરીને સ્ટુડિયોની ચર્ચામાં સિંહ કે ઘોડો સાબિત કરી બતાવે, પણ તેમના પ્રયાસ જેટલા વધે, એટલા હાસ્યાસ્પદ ઠરે છે અને છેવટે અશ્વમેધ યજ્ઞનો ઘોડો બનવા છૂટું મુકાયેલું પ્રાણી તથા તેનો માલિક બંને લોકોની ઠેકડીનું પાત્ર બની જાય છે.

પહેલાં ભણવામાં આવતી એક બ્રાહ્મણ અને ત્રણ ઠગની વાર્તા બહુ જાણીતી છે. જીડીપી-વધારાની પણ એવી કથા બનાવી શકાય. તેમાં બ્રાહ્મણની જગ્યાએ આ દેશનો કોઈ પણ નાગરિક હોઈ શકે છે, અને ઠગોની જગ્યાએ આઈટી સેલ-ગોદી મીડિયા માંથી કોઈ પણ. (તેમનાથી ઊંચા લેવલના માણસો એમ રસ્તે ચાલતા ન નીકળે. એ તો ગાડીઓના કાફલા સાથે નીકળે ને ભલું હોય તો એકાદ એમ્બ્યુલન્સને સાઈડ પણ આપે.)

પેલો સામાન્ય માણસ બિચારો ભાવવધારાના અને જીએસટી જેવા વેરાના બોજથી બેવડ વળેલો છે, પણ તે જીડીપી-વધારાનું કડું હાથમાં પકડીને ચાલે છે. તેને કડામાં ઘરેણાં તરીકે કશો રસ નથી. તેને તો એમ છે કે એ કડાની કિંમત પત્ની-બાળકો માટે કંઈક સારું ખાવાનું લઈ જવાય એટલી હોય તો બહુ છે.

એવામાં તેને આઈટી સેલવાળો એક જણ મળે છે અને કહે છે, "અલ્યા, આટલું કીમતી કડું તારી પાસે ક્યાંથી? આ તો ચોવીસ કેરેટના સોનાનું છે. તું તો ખાટી ગયો. આટલી કીમતી વસ્તુ તને આપણા રાજાસાહેબ જ આપી શકે. તે જ એટલા મહાન છે."

માણસ આશ્ચર્ય પામતો આગળ વધે છે, ત્યાં બીજો આઈટી સેલ તેને જોઈને કહે છે, "શું વાત છે કાંઈ? ચોવીસ કેરેટનું કડું. બહુ કમાયો લાગે છે. રાજાસાહેબના રાજમાં તો તારા જેવાને લીલાલહેર છે."

અને વધુ આગળ જતાં...

## ઈશિતાનું અલકમલક

### આ રોબોને કોઈ રોકો...


એક મહિલા સાથે રોમિયોગીરી કરતો રોબો

માનવ છેક આદિ પથ્થર યુગમાંથી કાળક્રમે - ક્રમશ : આજે અતિ આધુનિક ડિજિટલ યુગમાં પહોંચી ગયો છે. ૨૦-૨૧મી સદીની એક શોધ રોબોટ (રોબો) એટલે કે યંત્રમાનવમાં માનવીએ ખુદ એટલા બધાં શોધ - સંશોધન કરીને એને લગભગ માનવ જેવી બધી પ્રવૃત્તિ કરતો કરી દીધો. જે કાર્ય વધુ જહેમતથી માણસ કરતો હતો તે બધી જ કામગીરી સહજથી અને વધુ ઝડપથી રોબો બજાવતો થઈ ગયો. માનવીની બુદ્ધિથી રોબો લગભગ માણસ જેવો થઈ ગયો તો બીજી તરફ, AI ની શોધ પછી માણસ યંત્રવત થઈ ગયો! આજે રોબોમાં માણસનાં લખ્ખણ (લક્ષણ) કરતાં અપલખ્ખણ વધુ પ્રવેશી ગયાં છે. એનાં આવાં અપલક્ષણે આજકાલ એવો ઉપાડો લીધે છે કે રોબો છાપાં -ટીવીથી લઈને છેક સોશિયલ મીડિયાના છાપરે ચઢી ગયો છે. ખાસ કરીને ચીનના યંત્રમાનવ. આ સાંભાળો - વાંચો કે થોડા સમય પહેલાં ચીનના પાટનગર બેઈજિંગ (બિજિંગ)માં એક રોબોએ એક મહિલાને આંતરીને રોડસાઈડ રોમિયોગીરી શરૂ કરી દીધી. કોઈ લફંગાની જેમ એણે પેલી સામે અશ્લીલ ચાળા શરૂ કરી દીધાં! પેલીએ બૂમાબૂમ કરી ત્યારે આસપાસ હાજર પોલીસે ત્યાં પહોંચી જઈ રોબોને ઝબ્બે કર્યો. આ રોબો ૨૦૨૪થી સક્રિય હતો. વ્યવસ્થિત હરતો-ફરતો આ રોબો આસપાસનો માહોલ પારખી શકતો હતો. એ રોબોનું સંચાલન કરતી ચીની કંપનીએ આ ગરબડ બદલ માફી માગવી પડી પણ પોલીસે રોબોની રીતસર ધરપકડ કરી અને માનવ - રોબોના ઈતિહાસમાં આ પહેલી ઘટના છે જેમાં કોઈ યંત્રમાનવની ધરપકડ થઈ હોય! રોબોના ગેરવર્તનનો આ એક માત્ર કિસ્સો નથી. ચીનના જ શિનજિયાંગ પ્રાંતના એક સિટીના પબ્લિક પાર્કમાં એક રોબો કંપનીએ બાળકો માટે માર્શલ આર્ટનો એક શો યોજ્યો હતો. એમાં એક માણસની પ્રતિકૃતિ જેવા હ્યુમેનોઈડ રોબોએ માર્શલ આર્ટના કરતબ દેખાડતાં દેખાડતાં એક દર્શક છોકરાને પેટમાં લાત મારી- છોકરો પડી ગયો તો પેલો રોબો વધુ આક્રમક બન્યો પણ એ વધુ હિંસક બને એ પહેલાં લોકોએ એને પકડી લીધો. આની વીડિયો ક્લિપ વાયરલ થઈ ગઈ. રોબોને ઓપરેટ કરતી કંપનીની લોકોએ સખત ઝાટકણી કાઢી પછી કંપનીએ ખુલાસો કર્યો કે રોબોને માર્શલ આર્ટની જે તાલીમ આપવામાં આવી હતી એ મુજબ જ એણે વર્તન કરવાનું હતું પણ અચાનક રોબોએ મિજાજ કેમ ગુમાવ્યો એ શોધવું પડશે. આ દરમિયાન વધુ એક ચીની રોબોએ એક ડાન્સ શોમાં એક બાળકને થપ્પડ ઠોકી દીધી તો અમેરિકાના ટેક્સાસમાં એક યંત્રમાનવે ત્યાંના એક એન્જિનિયર પર હુમલો કર્યો એવી ઘટના પણ બહાર આવી છે. આમ જે રીતે રોબો આવાં તોફાન કરતો થઈ ગયો છે એનાથી રોબો તૈયાર કરતાં નિષ્ણાતો પણ ચિંતિત છે. આ ઉપરાંત તાજેતરમાં રોબોએ એક વધુ માનવીય લક્ષણ 'દેખાડ્યું' છે - માણસની જેમ સત્તાવાળા - માલિકો વિરુદ્ધ રોબોએ બાંયો ચઢાવીને જાહેર પ્રતિકાર પ્રદર્શન યોજ્યું હતું. આ રોબોભાઈઓની ડિમાન્ડ હતી કે AIનો વધુ પડતો ઉપયોગ અને ઓટોમોશન માટે ચોક્કસ નિયમો ઘડવામાં આવે. આવી માગણી સાથે તાજેતરમાં પોલેન્ડની રાજધાની વોર્સોમાં ૩૦ જેટલા રોબો હાથમાં જાતભાતનાં પ્લેકાર્ડ સાથે સૂત્રો પોકારતાં નીકળી પડ્યાં હતાં!



યંત્ર માનવોનું જાહેર વિરોધ પ્રદર્શન

### બ્રહ્મચર્ય તોડો - પરણો ને વસતિ વધારો!


'બ્લાઈન્ડ ડેટ': 'એક સાંજ આપણે મળ્યાં'

જાપાનની જેમ દક્ષિણ કોરિયામાં પણ ઘટી રહેલા જન્મદરને લીધે વસતિ ઝડપથી ઘટી રહી છે અને વૃદ્ધોની આયુ વધતી રહે છે. આના કારણે આજે ત્યાં સરકારી બાળ-સંભાળનાં કેન્દ્રો બંધ કરવામાં આવી રહ્યાં છે તો બીજી તરફ, સરકારે વૃદ્ધાશ્રમ વધારવા પડે એવી કટોકટી સર્જાઈ છે. આ બધા વચ્ચે, ત્યાંના યુવાનો એક યા બીજાં કારણોસર લગ્ન ટાળી રહ્યાં છે. સાવ એકાંતમાં જીવીને સ્વૈચ્છિક બ્રહ્મચર્ય પાળે છે. સમાજથી સાવ અલિપ્ત થઈ ગયેલા આવા એકાકી યુવાનો સામાજિક જીવનમાં પુનઃપ્રવેશે એ માટે દક્ષિણ કોરિયાની સરકારે એમના માટે એક ખાસ ફંડ જાહેર કર્યું છે. આવા યુવાનોને દર મહિને સરકાર ૬૫૦૦૦૦ વોન (કોરિયાની કરન્સી) અર્થાત્ ૫૦૦ ડોલર આપશે. એટલું જ નહીં, આવા કોઈ યુવાનને ડેટિંગ કરવું હોય તો 'બ્લાઈન્ડ ડેટિંગ'નો એક ખાસ પ્રોગ્રામ પણ વિકસાવ્યો છે. ડેટિંગ પછી લગ્નસંસાર માંડવો હોય તો પણ સરકારી મેટ્રિમોનિયલ-લગ્નવિષયક એજન્સી દ્વારા ઘર પણ માંડી આપે છે, જેથી એમનું બ્રહ્મચર્ય ભંગ થાય-વસતિ વધે ને દેશનું આર્થિક તંત્ર પણ તગડું થાય!

### ઈશિતાનું ઈત્યાદિ...ઈત્યાદિ

» ફરી એક વાર દેશમાં આર્થિક અસમાનતાના આંકડા બહાર આવ્યા છે. એક તરફ દેશમાં શ્રીમંતોની સંખ્યા વધી રહી છે એની સાથે ગામડાં અને શહેરો સુદ્ધાંમાં મજૂરોની સંખ્યા પણ વધી રહી છે. તાજેતરમાં સંસદમાં પેશ થયેલા એક અહેવાલ-આંકડા અનુસાર ૨૦૨૦-૨૧માં૧૪૨ જેટલા કરોડપતિ હતા દેશમાં અને આજે ૧૦૦ કરોડથી વધુ રકમ ધરાવતાં ધનિકોની સંખ્યા ૫૭૬ના આંક સુધી પહોંચી ગઈ છે!

» આવકની વાત નીકળી છે ત્યારે વિભિન્ન દેશમાં સત્તાના સર્વોચ્ચ હોદા ધરાવતી વ્યક્તિઓની આવક જાણવી રસપ્રદ રહેશે, જેમ કે તાજેતરમાં પગારમાં ૬૪%નો વધારો થતાં સિંગાપોરના વડા પ્રધાન લોરેન્સ વૉંગને વાર્ષિક ૨.૮૫ મિલિયન યુએસ ડોલર સેલેરી મળે છે. અમેરિકાના પ્રેસિડેન્ટ ટ્રમ્પને વાર્ષિક ૪,૦૦૦,૦૦૦ ડોલરનો પગાર તથા બ્રિટિશ પી.એમ.ને વાર્ષિક ૧૬૯,૩૪૪ પાઉન્ડ (આશરે ૨૩૦,૦૦૦ ડોલર) અને ભારતના વડા પ્રધાનને સેલેરીના નામે મહિને રૂપિયા ૧.૬૬ લાખના હિસાબે વર્ષે ૧૯.૯૨ લાખની રકમ મળે છે!

### ઈશિતાની એલચી

**દરેક ચતુર માણસ પોતાની ભૂલને એક નામ આપે છે. એ રૂપકડું નામ છે 'અનુભવ'!!**